# વડોદરા મહાનગરપાલિકા

## સીધી ભરતી માટેની જાહેરાત
## (જાહેરાત ક્રમાંકઃ૫૯૪/૨૦૧૯-૨૦)

| ક્રમ | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા | કેટેગરી |
|---|---|---|---|
| ૧ | ઢોર પાર્ટી ઈન્સપેક્ટર | ૦૧ | સામાન્ય |

**1. શૈક્ષણિક લાયકાત અને અનુભવઃ**

1. ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઇએ. એચ.એસ.સી. (ધોરણ-૧૨) પાસ હોવો જોઇએ. સીક્યુરીટીની ફરજોનું જ્ઞાન હોવું જરૂરી છે. ગુજરાતી ભાષાનું જ્ઞાન હોવું જોઇએ.
2. ઉંચાઇ – ૫'- ૭" (૧૭૦ સે.મી.)
   છાતી – ૩૩" થી ૩૫" (૮૪ થી ૮૯ સે.મી.)
   વજન – આશરે ૫૫ કિલો કે તેથી વધુ

**2. અનુભવઃ**

પોલીસ વિભાગની ક્ષેત્રીય કામગીરીનો ૦૫ વર્ષનો અનુભવ અથવા લશ્કરી દળોના માજી સૈનિક, જેઓ મેડીકલ કેટેગરી-ફીટ ધરાવતા હોવા જરૂરી છે.

**3. શારીરિક તંદુરસ્તીઃ**

ઉમેદવારની શારીરિક તંદુરસ્તી કોઇપણ જાતની ખોડખાંપણ વગરની હોવી જરૂરી છે. મહેનત થી કામ કરી શકે તેવા બુદ્ધિશાળી અને સામાન્ય જ્ઞાન સારૂં ધરાવતાં હોવા જોઇએ.

**4. પગાર ધોરણઃ**

1. પાંચ વર્ષ માટે રૂ.૧૯,૯૫૦/- માસિક ફિક્સ વેતન
   (વડોદરા મહાનગરપાલિકા, સા.વ.વિ.ઠરાવ અંકઃ૫૯૭/૧૫-૧૬/તા.૦૨/૦૩/૨૦૧૬. મુજબ મળવાપાત્ર રહેશે.)
2. સરકારશ્રીના નાણાં વિભાગના ઠરાવ ક્રમાંકઃખરચ/૨૦૦૨/૫૭ ઝ-૧, તા.૧૬-૦૨-૦૬ અન્વયે માસિક ફિક્સ વેતનથી પાંચ વર્ષ સુધી અજમાયશી નિમણુંકને પાત્ર થશે. ત્યારબાદ કામગીરી સંતોષકારક રીતે પૂર્ણ કર્યેથી નિયત પગાર ધોરણ સાતમા પગારપંચ મુજબ લેવલ-૪ (પે મેટ્રીક્સ રૂ.૨૫,૫૦૦-રૂ.૮૧,૧૦૦) થી નિયમાનુસાર સમાવવા અંગે વિચારણા કરવામાં આવશે.

**5. ઉંમરઃ**

ઉમેદવારની ઉંમર ૪૫ વર્ષથી વધુ ન હોવી જોઇએ.

**નોંધઃ ઉકત જગ્યા માટે અગાઉ જાહેરાતથી મંગાવેલ અરજીપત્રકો તથા ભરતી પ્રક્રિયા રદ કરવામાં આવેલ છે.**

## <u>જાહેરાતની સામાન્ય જોગવાઈઓઃ</u>

1. ઉપર જણાવેલ જગ્યા માટે ઉમેદવારી કરતાં પહેલાં ઉમેદવારે પોતે જરૂરી પાત્રતા ધરાવે છે કે નહીં તેની ખાત્રી કરવી.
2. રસ ધરાવતા ઉમેદવારોએ તા.૨૬–૧૧–૨૦૧૯ (૧૧–૦૦ કલાક) થી તા.૧૦–૧૨–૨૦૧૯ (૨૩–૫૯ કલાક) દરમ્યાન **<u>www.vmc.gov.in</u>** વેબસાઇટ પર ઓનલાઇન અરજી કરવાની રહેશે. ઓનલાઇન અરજી કરતાં પહેલા ભરતીને લગતી માહિતી તેમજ સુચનાઓ **<u>www.vmc.gov.in</u>** ઉપરથી વાંચી લેવાની રહેશે.
3. **ઉંમર, લાયકાત અને અનુભવ ઓનલાઇન અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજની ગણવામાં આવશે.**
4. માર્કશીટ, ડીગ્રી સર્ટીફીકેટમાં ગ્રેડ દર્શાવેલ હોય તો તેનું સમકક્ષ ટકામાં માન્ય યુનિવર્સીટીનું કન્વર્ઝન કોષ્ટક ડોક્યુમેન્ટ વેરીફીકેશન વખતે રજુ કરવાનું રહેશે.
5. જાહેરાતમાં માંગ્યા મુજબનો અનુભવ ઉમેદવારે શૈક્ષણિક લાયકાત/ડિગ્રી મેળવ્યા બાદનો જ માન્ય ગણવામાં આવશે. તે પહેલાંનો અનુભવ કોઇ પણ સંજોગોમાં માન્ય ગણાશે નહિ. અનુભવના પુરાવા તરીકે માત્ર ઓફર લેટર / અપોઇન્ટમેન્ટ લેટર અમાન્ય ગણાશે. પરંતુ જો તેની સાથે વખતોવખત સંસ્થા દ્વારા અપાયેલ ઇજાફા કે પ્રમોશનના હુકમ પગાર સંબંધિત પુરાવા કે અન્ય આધારભૂત ગણી શકાય તેવા પુરાવા રજૂ કર્યેથી તેની પૂરતી ચકાસણી કર્યાબાદ યોગ્ય જણાયેથી આવો અનુભવ માન્ય ગણવા અંગે સક્ષમ અધિકારીશ્રી નો નિર્ણય આખરી રહેશે.
6. ઉમેદવારે ઓનલાઇન અરજી ફોર્મમાં યોગ્ય સ્થાને પોતાનો મોબાઇલ નંબર લખવો અનિવાર્ય છે. જે ઉપર ભવિષ્યમાં ભરતી અંગે સંદેશ આપી શકાય. યોગ્ય મોબાઇલ નંબર લખેલ ન હોય/બંધ હોય કે અન્ય કારણોસર ઉમેદવારને સંદેશ ન પહોંચે તે અંગે વડોદરા મ્યુનિ. કોર્પોરેશનની કોઇ જવાબદારી રહેશે નહિ.
7. **<u>વયમર્યાદામાં છુટછાટઃ</u>**

   (અ) તમામ કેટેગરીના ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં નિયમોનુસાર મળવાપાત્ર છુટછાટ સાથેની ઉંમર કોઇપણ સંજોગોમાં નિયત તારીખે ૪૫ વર્ષથી વધવી જોઇએ નહી.

   (બ) વડોદરા મહાનગરપાલિકાના કર્મચારીને ઉપલી વય મર્યાદામાં ઉંમરનો બાધ રહેશે નહી. તેઓએ પણ ઓનલાઇન અરજી કરવાની રહેશે.

8. ગુજરાત સરકારના સરકારી/અર્ધ–સરકારી/સરકાર હસ્તકના કોર્પોરેશન/કંપનીઓમાં સેવા બજાવતાં અધિકારી/કર્મચારીઓએ પણ ઓનલાઇન અરજી કરવાની રહેશે. તેમજ પ્રમાણપત્રોની પ્રત્યક્ષ ચકાસણી વખતે ઉમેદવારે સક્ષમ અધિકારીનું ના–વાંધા પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

9. ઉમેદવારે નિયત અરજી પત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવાઓ કચેરી દ્વારા માંગવામાં આવે ત્યારે અસલમાં રજુ કરવાના રહેશે અન્યથા અરજીપત્રક જે તે તબકકે રદ ગણવામાં આવશે.

10. ઉમેદવારે સરકાર માન્ય સંસ્થામાંથી જગ્યાને અનુરૂપ CCC લેવલનો કોમ્પ્યુટર કોર્ષ અવશ્ય પાસ કરેલ હોવો જોઇએ અથવા નિમણુંક થયા તારીખથી ૦૬ માસ સુધીમાં સદર કોર્ષ પાસ કરવાનો રહેશે.

11. **<u>અરજી ફી સ્વીકારવા/જમા કરાવવા અંગેઃ</u>**

એ. ઉમેદવારોએ અરજી ફી પેટે રૂ.૨૦૦/– ઓનલાઇન જ ભરવાના રહેશે.

બી. ઉમેદવાર જયારે VMC વેબસાઇટ પર પોતાની અરજી સબમીટ કર્યા બાદ, તેઓને અરજી ફી ઓનલાઇન ભરવાની રહેશે. ફી ની રકમ ફકત ઓનલાઇન જ ક્રેડીટ/ડેબિટ/નેટ બેંકિંગ દ્વારા ભરવાની રહેશે. ફી ભર્યા અંગેના ચલણની નકલ મેળવી ઉમેદવારે સાચવી રાખવાની રહેશે, અને પ્રમાણપત્રોની પ્રત્યક્ષ ચકાસણી/લેખિત/મૈખિક કસોટી સમયે કોલલેટર સાથે અચૂક લાવવાની રહેશે. ફી ભરેલ અરજી જ રજિસ્ટર્ડ થશે. ફી ભર્યા વગરની અરજી સીસ્ટમ માં રજિસ્ટર્ડ થશે નહિ.

સી. જો ઉમેદવાર ફી ભર્યાની નકલ તથા એપ્લીકેશન ફોર્મ સાથે નહી લાવે તો તેવા ઉમેદવારોને પ્રમાણપત્રોની પ્રત્યક્ષ ચકાસણી/લેખિત/મૈખિક કસોટી માં પ્રવેશ આપવામાં આવશે નહી.

ડી. અન્ય કોઇ રીતે ફી સ્વીકારવામાં આવશે નહી.

ઈ. **ઓનલાઇન ફી ભરવાની છેલ્લી તા.૧૦–૧૨–૨૦૧૯ રહેશે.**

એફ. તમે લાયકાત ધરાવો છો કે કેમ ? તેની ખાતરી કર્યા બાદ જ અરજી ફોર્મ તથા ફી ભરવી. લાયકાત ન ધરાવતા હોવા છતાં ફી ભરેલ હોઇ તેવી અરજી રદ ગણાશે. અરજી ફી ભર્યા બાદ કોઇ પણ સંજોગોમાં પરત મળવાપાત્ર નથી.

12. ભરતી પ્રક્રિયા દરમ્યાન જો કોઇ ઉમેદવાર દ્વારા સીધી અથવા આડકતરી રીતે રાજકીય કે અન્ય કોઇ રીતે ભલામણના પ્રયાસ કરનાર ઉમેદવાર ગેરલાયક ઠરશે.

13. ઉમેદવારે અરજી પત્રકમાં કોઇ પણ વિગત ખોટી બતાવેલ હશે અને તે ધ્યાનમાં આવશે તો તેનું અરજીપત્રક/નિમણુંક કોઇ પણ તબકકે રદ કરવામાં આવશે.

14. આ જાહેરાત અન્વયેની ભરતી અંગે લેખિત પરિક્ષા/મૌખિક ઇન્ટરવ્યુ બાબતે વડોદરા મહાનગર પાલિકા ના સક્ષમ અધિકારીશ્રી દ્વારા નિર્ણય કરવામાં આવશે.

15. પ્રમાણપત્રોની પ્રત્યક્ષ ચકાસણી/લેખિત/મૈખિક કસોટી માટે બોલાવવામાં આવતા ઉમેદવારોને કોઇપણ જાતનું મુસાફરી ભથ્થુ મળવાને પાત્ર થશે નહીં.

16. આ જાહેરાત કોઇ પણ કારણસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો સંપૂર્ણ હક/અધિકાર મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા ને રહેશે.

17. ઉમેદવારને ઓનલાઇન અરજી કર્યા બાદ જાહેરાત સંબંધી અન્ય કોઇ સુચના માટે www.vmc.gov.in વેબસાઇટ સતત જોતા રહેવા અનુરોધ છે.

**તા.૨૬-૧૧-૨૦૧૯.**

**ડે. મ્યુનિ.કમિશ્નર**
**વડોદરા મહાનગરપાલિકા**